માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	9(1)
Corporator Name:	KAUSHIKBHAI RAMNIKLAL TANK - Corporator : Ward 17
Question Subject:	દિપાવલી દરમ્યાન કેટલા આગ લાગવાના બનાવો બન્યા ..... ફાયર વિભાગ દ્વારા ફટાકડા વહેચવા માટે કેટલી મંજુરી આપવામાં આવી હતી., જે જગ્યાએ આગના બનાવો બન્યા તે દુકાન ... ફેકટરી....લારી સામે શું પગલા ભરવામાં આવ્યા..
Department:	FIRE BRIGADE
Ward:	OTHER
Employee:	E2755-DAVE AMITBHAI KANAKRAY,E3600-ZALA ASHOKSINH BANESINH
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details:

- દિપાવલી દરમ્યાન કુલ ૨૦૪ આગ લાગવાના બનાવો બન્યા છે.
- ફાયર વિભાગ દ્વારા ફટાકડા વેચાણ માટે ફાયર સેફ્ટિ અભિપ્રાય આપવામાં આવે છે જે મુજબ વાર્ષિક ફટાકડા લાયસન્સના ફાયર સેફ્ટી અભિપ્રાય માટે કુલ ૪૨ અરજીઓ અને ટેમ્પરરી લાયસન્સના ફાયર સેફ્ટી અભિપ્રાય માટે કુલ ૩૯૧ અરજીઓ આવેલ છે જે પૈકી વાર્ષિક લાયસન્સ ધારક કુલ ૪૨ અને ટેમ્પરરી લાયસન્સ ધારક કુલ ૩૮૦ અરજદારોએ ફાયર સેફ્ટીની જોગવાઇ કરેલ હોય, જેઓને ફાયર સેફ્ટી અભિપ્રાય આપવામા આવેલ છે. તેમજ ફાયર સેફ્ટી જોગવાઈની અપુર્તતા હોય, તેવી કુલ ૧૧ ટેમ્પરરી અરજીઓ રીજેકટ કરવામા આવેલ છે.

- દિવાળી તહેવાર દરમ્યાન કુલ ૨૦૪ જગ્યાએ આગના બનાવો બન્યા હતા. તેમાથી ફાયર સેફ્ટી સર્ટીફિકેટની જરૂરીયાતના ક્રાઇટએરીયા ધરાવતી કુલ ૩ ઈમારતો ધ્યાને આવેલ જે પૈકી ૨ રેસીડેન્ટીયલ બિલ્ડીંગ તથા ૧ સ્ટોરેજ ગોડાઉન છે, જે પૈકી ૧. શ્યામલ ઉપવન, મવડી કણકોટ રોડ, ફાર્ધર્સ રેસ્ટોરન્ટ સામે, વોર્ડ નં ૧૧ મા આવેલ રેસીડેન્ટીયલ બિલ્ડીંગનુ ફાયર સેફ્ટી સર્ટીફીકેટ પુર્ણ થઈ ગયેલ હોય, તેને રીન્યુ કરવા માટેની નોટીસ આપેલ છે. ૨. શાંતીવન નિવાસ, જીવરાજ પાર્ક, અમ્બિકા ટાઉનશીપ મુખ્ય માર્ગ, ઉમીયા પાનની સામે, વોર્ડ નં. ૧૧ મા આવેલ રેસીડેન્ટીયલ બિલ્ડીંગમા ફાયર સેફ્ટી સર્ટીફીકેટ મેળવેલ ન હોય, તેને ફાયર સેફ્ટીના સાધનો ફીટીંગ કરવા તેમજ ફાયર સેફ્ટી સર્ટીફીકેટ મેળવવા અંગેની નોટીસ આપેલ છે. ૩. લાઠીયા કોલ ડેપો, લક્ષ્મીનગર ૫ નો ખુણો, નાનામવા મેઈન રોડ, વોર્ડ નં. ૮ મા આવેલ સ્ટોરેજ બિલ્ડીંગ(ગોડાઉન) મા ફાયર સેફ્ટી સર્ટીફીકેટ મેળવેલ ન હોય, તેને ફાયર સેફ્ટીના સાધનો ફીટીંગ કરવા તેમજ ફાયર સેફ્ટી સર્ટીફીકેટ મેળવવા અંગેની નોટીસ આપેલ છે. તથા કુલ ૪ ઈન્ડસ્ટ્રીયલ બિલ્ડીંગમા આગ લાગેલ હતી, આ બિલ્ડીંગ ફાયર સેફ્ટી સર્ટીફીકેટના ક્રાઇટએરીયામા આવતા નથી, પરંતુ ફાયર સેફ્ટીના સાધનો રાખવાની જરૂરીયાત હોય, તેથી ફાયર સેફ્ટીના સાધનો ફીટીંગ કરવા અંગેની નોટીસ આપેલ છે, જે બિલ્ડીંગની વિગત નીચે મુજબ છે.

☐ ૧ દેવ પ્લાસ્ટીક, સોખડા ચોકડી પાસે, ભારત પેટ્રોલ પમ્પની પાછળ, રાજકોટ (રૂડા વિસ્તાર)

☐ ૨. જે.એચ.વુડન, સોખડા ચોકડી પાસે, ભારત પેટ્રોલ પમ્પની પાછળ, રાજકોટ (રૂડા વિસ્તાર)

☐ ૩. લેન્ડમાર્ક કાર્સ લી., ગોંડલ રોડ, બી.એમ.ડબલ્યુ ની બાજુમા, રાજકોટ વોર્ડ નં. ૧૩

☐ ૪. શ્રીનાથજી એન્જીનીયરીંગ, ગોકુલ નગર ૧, વિજય હોટલની બાજુમા, રાજકોટ. વોર્ડ નં. ૧૨

ZALA ASHOKSINH BANESINH
FIRE BRIGADE - DY.CHIEF FIRE OFFICER

18-11-2026 06:15 PM

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	9(2)
Corporator Name:	KAUSHIKBHAI RAMNIKLAL TANK - Corporator : Ward 17
Question Subject:	જે જગ્યાએ ૫૦ થી વધુ લોકો એકત્રીત થાય છે તેવી હોસ્પીટલ, શાળા, હોલ,, ઉંચી ઈમારતો... કે અન્ય સ્થાનોએ ફાયર એન.ઓ.સી. લીધા છે કે નહી,..... કેટલી નોટીસો આપવામાં આવી..... નોટીસનો સમયગાળો પુરો થઈ ગયો હોય તેવી કેટલી મિલકતો સામે પગલા ભરવામાં આવ્યા....
Department:	FIRE BRIGADE
Ward:	OTHER
Employee:	E2755-DAVE AMITBHAI KANAKRAY,E3600-ZALA ASHOKSINH BANESINH
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details:

- જે જગ્યાએ ૫૦ થી વધુ લોકો એકત્રીત થાય છે તેવી હોસ્પિટલ, શાળા, હોલ, ઉંચી ઈમારતો કે અન્ય સ્થાનોને ચાલુ વર્ષ તા.૦૧/૦૪/૨૦૨૬ થી હાલ સુધીમા કુલ ૨૫૫ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ આપવામા આવેલ છે. જે કેટેગરી વાઈઝ આ મુજબ છે.
  - અસેમ્બલી :- ૨૦
  - બિઝનેસ ઓફિસ :- ૪૦
  - એજ્યુકેશનલ :- ૨૪
  - હોસ્પિટલ :- ૨૦
  - મર્કનટાઈલ :- ૨૩
  - મિક્ષ યુઝ :- ૩૯
  - રિલીજીયસ :- ૧
  - રેસિડેન્સીયલ :- ૬૫
  - લેઝાર્ડિયસ :- ૧૫
  - સ્ટોરેજ :- ૮

- ચાલુ વર્ષ દરમ્યાન ફાયર સેફ્ટી બાબતે નાની મોટી ક્ષતિઓ ધ્યાને આવતા પુર્તતા અંગેની અલગ અલગ ઈમારતોને કુલ ૨૩૭૪ નોટીસો આપવામા આવેલ છે. જે કેટેગરી વાઈઝ આ પ્રમાણે છે.
  - અસેમ્બલી :- ૫૪૪
  - બિઝનેસ ઓફિસ :- ૫૧૯
  - એજ્યુકેશનલ :- ૩૯૯
  - હોસ્પિટલ :- ૪૪
  - મિક્ષ યુઝ :- ૪૯૪
  - રિલીજીયસ :- ૦૭
  - રેસિડેન્સીયલ :- ૩૪૮
  - લેઝાર્ડિયસ :- ૦૪

- સ્ટોરેજ :- ૧૫

- ચાલુ વર્ષ દરમ્યાન કુલ ૬૪ ઈમારતોના ફાયર સેફ્ટી સર્ટીફિકેટની સમયમર્યાદા પુર્ણ થયેલ છે. જેને પ્રથમ નોટીસ આપવામા આવેલ છે, ૩ નોટીસ બજાવ્યા બાદ જો ફાયર સેફ્ટી સર્ટીફિકેટ રીન્યુ નહી કરવામા આવે તો ફાયર એક્ટ ૨૦૧૩ મુજબ પાણી/ભુગર્ભ ગટર જોડાણ/વિજ પુરવઠો કાપવા તથા સીલીંગની કાર્યવાહી કરવાની જોગવાઈ છે.

ZALA ASHOKSINH BANESINH
FIRE BRIGADE - DY.CHIEF FIRE OFFICER

18-11-2026 06:23 PM

માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

General Board Date:	20-11-2026
Question No:	9(3)
Corporator Name:	KAUSHIKBHAI RAMNIKLAL TANK - Corporator : Ward 17
Question Subject:	કમિશ્નરશ્રી, ડે. કમિશ્નરશ્રી , આશિ. કમિશ્નર દ્વારા શું સમયાંતરે દરેક વોર્ડ ઓફીસની સમાયંતરે મુલાકાત લેવામાં આવે છે, ...
Department:	OTHER
Ward:	OTHER
Employee:	E3774-KATHAROTIYA BHARAT L.,E3965-DODIA DIPEN MAHENDRABHAI,E4097-VADHER KASHMIRA DILIPBHAI,E4098-GAMETI RAJIV MAGANBHAI
Question Detail:	-
Question Date:	12-11-2026

Answer Details: માન. મ્યુનિસિપલ કમિશ્નર સાહેબ, ઝોનલ નાયબ કમિશ્નરશ્રી તથા ઝોનલ સહાયક કમિશ્નરશ્રીઓ દ્વારા સમયાંતરે વોર્ડ ઓફિસો તથા વોર્ડમાં ચાલતા વિવિધ વિભાગના વિકાસ કાર્યો તેમજ દૈનિક કામગીરીની સમીક્ષા અર્થે વોર્ડની મુલાકત લેવામાં આવે છે.

GAMETI RAJIV MAGANBHAI
TAX BRANCH - MANAGER

18-11-2026 06:18 PM